Seat No.: ________

[A-66]

No of printed pages: 02

M

# SARDAR PATEL UNIVERSITY
FYBA (External) Examination
Tuesday, April 26, 2022
03:00 pm - 05:00 pm
TR 101
Paper – 1: Translation

Total Marks: 70

Notes:
1. Figures to the right indicate full marks.
2. Mention clearly the option you attempt.

પ્રશ્ન : 1 અનુવાદના પ્રેરક પોષક પરિબળો તથા અનુવાદ પ્રવૃત્તિમાં સહાયક સામગ્રી વિશે નોંધ લખો. (18)

અથવા

પ્રશ્ન : 1 મુદ્દાસર નોંધ લખો.

1. અનુવાદનું પ્રયોજન
2. સારા અનુવાદના ધોરણો

પ્રશ્ન : 2 નીચે દર્શાવેલ પરિછેદનો અંગ્રેજી અનુવાદ કરો. (17)

**યોગ એટલે શું? યોગ એટલે માત્ર આસન:- ના, યોગ એટલે માત્ર પ્રાણાયમ:- ના, યોગ એટલે માત્ર ધ્યાન:-ના, યોગ એટલે માત્ર શુદ્ધિકરણ:- ના, તો શું? યોગ એટલે સર્વાંગી સ્વાસ્થ્ય (શરીર+મન), (શરીર+આત્મા).યોગ શબ્દ ખૂબ જાણીતો થયો પરંતુ એની સાથે એનું મહાત્મ્ય ખોવાઈ ગયું-સાચો અર્થ ખોવાઈ ગયો. યોગ શાસ્ત્રમાં ઋષી પતંજલીએ માત્ર શરીરની વાત નથી કરી. શરીર સાથે મન,બુદ્ધિ, ઈન્દ્રિયો અને આત્મા(પરમ ચૈતન્ય)ની વાત પણ કરી છે.યોગ જીવન જીવવાની માર્ગદર્શિકા છે, જેવી રીતે શ્રીમદ્ ભાગવત ગીતામાં પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણ ભગવાન આપણને જીવવાનું લક્ષ્ય, જીવનના મૂલ્યો શીખવે છે એવી જ રીતે યોગશાસ્ત્ર રોજબરોજ શરીર અ મનને કેવી રીતે કેળવવું એની જાણકારી આપે છે.યોગશાસ્ત્રમાં આ જે ઉપર ચિત્ર દોર્યું છે એના વિશે વિગતે જણાવું છે-આપણી અંદર 5 ઇન્દ્રિયો, 5 કર્મેન્દ્રિયો અને 5 જ્ઞાનેન્દ્રિયો છે. આ ઇન્દ્રિયો આપણને લોભાવે છે, બીજી વસ્તુઓ માટે આકર્ષણ ઉત્પન્ન કરે છે. પરંતુ મન ઇન્દ્રિયોને કાબૂમાં લાવી રાકે- મન ને કોણ કાબુમાં લાવે તો એ છે બુદ્ધિ.**

અથવા

ગાંધીજીની ગમે તેટલી સ્પષ્ટતાઓ છતાં ગાંધીવાદ અને ગાંધીવાદીઓ બનીને જ રહ્યા.

ગાંધીજીનાં જીવનમૂલ્યો દર્શાવતી વિચારધારાને સહેલાઈ ખાતર કોઈ 'ગાંધીવાદ' તરીકે ઓળખવા માગતું હોય, તો ઠીક છે.શબ્દને વળગવાને બદલે વિચાર અને ભાવની સ્પષ્ટતા થવી જરૂરી છે. કેમ કે, એ પણ એક ગાંધીમૂલ્ય છે. ગાંધીજી કદી ભાવ કે આચરણ વગરના શબ્દોનાં ખોખાંને વળગી રહ્યા નહીં.સત્ય, અહિંસાથી માંડીને બીજાં અનેક મૂલ્યો અને વ્રત પાળવા તેમણે આજીવન પ્રયાસ કર્યો.તેમની મહત્તા આ કસોટીમાંથી સો ટકા પાર ઊતરવામાં નહીં પણ પૂરી નિષ્ઠાથી આ કસોટીઓ આપવામાં- સતત આપતા રહેવામાં છે.આદર્શ એવો જ હોય કે જે આંબી ન શકાય, પણ તેની તરફ જોઈને, તેને માર્ગદર્શક ગણીને, તેના સુધી પહોંચવામાં જીવન ખર્ચી શકાય.એ અર્થમાં ગાંધીજીનું જીવન અને તેમણે સેવેલા આદર્શો- આ બંને વચ્ચે પણ તફાવત હતો.ગાંધી સેવા સંઘના કાર્યકરો સમક્ષ આપેલા એક પ્રવચનમાં તેમણે કહ્યું હતું, 'કોઈ એમ ન કહે

(P. T. O.)

કે હું ગાંધીનો અનુયાયી છું.હું એકલો જ મારો અનુયાયી બનું એટલું બસ છે. મારો પોતાનો પણ હું કેવો નબળો અનુયાયી છું એ હું જ જાણું છું.કારણ હું મારી માન્યતાઓને અનુસરતું આચરણ કરી શકતો નથી.'

(18)

प्रश्न : 3 निम्न लिखित परिच्छेद का गुजराती में अनुवाद करो ।

साहित्य समाज का दर्पण है, समाज का प्रतिबिम्ब है, समाज का मार्गदर्शक है तथा समाज का लेखा-जोखा है। किसी भी राष्ट्र या सभ्यता की जानकारी उसके साहित्य से प्राप्त होती है। साहित्य लोकजीवन का अभिन्न अंग है।किसी भी काल के साहित्य से उस समय की परिस्थितियों, जनमानस के रहन-सहन, खान-पान व अन्य गतिविधियों का पता चलता है।समाज साहित्य को प्रभावित करता है और साहित्य समाज पर प्रभाव डालता है।दोनों एक सिक्के के दो पहलू है।साहित्य का समाज से वही संबंध है, जो संबंध आत्मा का शरीर से होता है।साहित्य समाज रूपी शरीर की आत्मा है।साहित्य अजर-अमर है।महान विद्वान योननागोची के अनुसार समाज नष्ट हो सकता है, राष्ट्र भी नष्ट हो सकता है, किन्तु साहित्य का नाश कभी नहीं हो सकता।

अथवा

वर्तमान में मीडिया समाज के लिए मज़बूत कड़ी साबित हो रहा है। समाचार-पत्रों की प्रासंगिकता सदैव रही है और भविष्य में भी रहेगी . मीडिया में परिवर्तन युगानुकूल है, जो स्वाभाविक है, लेकिन भाषा की दृष्टि से समाचार-पत्रों में गिरावट देखने को मिल रही है। इसका बड़ा कारण यही लगता है कि आज के परिवेश में समाचार-पत्रों से साहित्य लुप्त हो रहा है, जबकि साहित्य को समृद्ध करने में समाचार-पत्रों की महती भूमिका रही है, परंतु आज समाचार-पत्रों ने ही स्वयं को साहित्य से दूर कर लिया है, जो अच्छा संकेत नहीं है। आज आवश्यकता है कि समाचार-पत्रों में साहित्य का समावेश हो और वे अपनी परंपरा को समृद्ध बनाएं। वास्तव में पहले के संपादक समाचार-पत्र को साहित्य से दूर नहीं मानते थे, बल्कि त्वरित साहित्य का दर्जा देते थे।

(17)

प्रश्न : 4 નીચે આપેલ ફકરાનો હિન્દી માં અનુવાદ કરો.

આજના મોટાભાગના વિદ્યાર્થી એવું માનતા હોય છે કે દરેક શિક્ષકને હોંશિયાર વિદ્યાર્થી જે સારો લાગતો હોય છે. પણ ખરેખર એવું નથી હોતું જ્યારે કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થયો કે જીરો માર્ક્સ આવે છે ત્યારે એનું સૌથી વધુ દુ:ખ એના શિક્ષકને જ થતું હોય છે. એમને એવું લાગે છે કે શું હું આટલું બધુ ખરાબ ભણાવતો હોઇશ અને જ્યારે કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં સારા માર્ક્સ લાવી પાસ થાય છે ત્યારે તેના શિક્ષકનેજેટલી ખુશી થાય છે કે એટલી ખુશી વિદ્યાર્થી કે તેના મા-બાપને પણ થતી હોતી નથી. માટે શિક્ષક વિશે ક્યારેય કોઈ વિદ્યાર્થીએ ખોટું ના વિચારવું જોઈએ. શિક્ષક માટે તો બધા વિદ્યાર્થીઓ સરખા હોય છે. શિક્ષકને જો કૈંક આપવું હોય તો એમણે શીખવાડેલી વાતો જીવનમાં ઉતારો અને એને અનુસરો બસ. સાચા શિક્ષકમાટે એ એકલવ્યનાં અંગૂઠા જેટલું મૂલ્યવાન સાબિત થશે.

અથવા

મધ્યરાત્રીનો પ્રહર વિત્યાને ઠીક ઠીક સમય થઇ ગયો હતો,જો કે હજી પો ફાટવાને વાર હતી.આકાશમાં હમણાં જ ઊગેલા ચંદ્રની દૃષ્ટિ કુરુક્ષેત્રના અપૂર્વ સંહારના દૃશ્યોથી ટેવાઈ ગઈ હતી.રોજ અસંખ્ય શબો,કણસતા શરીરો,મશાલો લઈને પોતાના પ્રિયજનોને શોધતી પત્નીઓ અને માતાઓ આ બધું જ જોવું પડતું હતું.પરંતુ આજે તો ચંદ્રનાં કિરણો જેવી જ ઝગારા મારતી એક અનોખી શૈયા પૃથ્વી પર રચાયેલી દેખાતી હતી. અર્જુનના ગાંડીવ ધનુષ્યમાંથી છૂટેલાં શેરોની ચમકદાર પથારી પર ભીષ્મ પિતામહ સૂતા હતા.એમના કાન પર રણ મેદાનની સ્મશાનવત શાંતિમાં કવચિત કોઈનો કણસાટ સંભાળતો હતો કવચિત કોઈનું હૃદય વિદારી નાખે એવું રુદન અથડાતું હતું.

******************************************